જનસંપર્ક અધિકારી,
પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૦/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ સ્કુટર કબજે કર્યુ હતુ.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૮/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯, પ૭ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયાઃ- સમાચાર યાદી નં.૧૪૮૯/૨૦૨૫

ચાંદખેડાઃ શારદાબહેન વા/ઓ અવનિન્દ્રભાઇ વર્મા (ઉ.વ.૬૦)(રહે,શ્યામ સાનવી ફ્લેટ, સત્યમેવ હોસ્પીટલની બાજુમા, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૦/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા સુર્યાન હોપ ટાઉન સોસાયટીના ગેટ નંબર-૨ આગળ મોર્નીંગ વોક કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષએ ભેગામળી શારદાબહેનના ગળામાં પહેરેલ સોનાના લોકેટ સાથેનો દોરો કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.યુ.ઠાકોર ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૪૯૦/૨૦૨૫

નારોલઃ નારોલ પીપલજ દેવરાજ એસ્ટેટ સામે, મહાશક્તિ ટેક્ષટાઇલ મીલ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા નરસિંહ છગનસિંહ ભીલાલા (ઉ.વ.૩૨) તા.૨૧/૧૦/૨૦૨૫ સવાર ૫/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે મહાશક્તિ ટેક્ષટાઇલ મીલ માં આગ લાગવાથી દાઝી જતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ ઉપરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૯૧/૨૦૨૫**

વાસણાઃ દિનેશભાઇ ત્રીકમભાઇ ભાટી (ઉ.વ.૩૫)(રહે.કેશવાણીનગરના કાચા છાપરા ભાઠાગામ પાસે વાસણા) તા.૨૧/૧૦/૨૦૨૫ બપોરના ૧/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી